ગ્રામ નિર્માણ કેળવણી મંડળ સંચાલિત અને
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન
બાલહંસ કોલેજ ઓફ સોશ્યલવર્ક – થવા
મુ-પો- થવા, તા. નેત્રંગ, જી-ભરૂચ-393130
Mo.: 9979625650/ 7874710072
E-mail: principal_459@vnsgu.ac.in Website: www.balhansmsw.ac.in

EMPLOYMENT NOTICE

ક્રમ	જગ્યાનું નામ	સંખ્યા	વિષય અને વિદ્યાશાખા
1	આચાર્ય (આઠમો પ્રયત્ન)	1	55% સાથે MSW અથવા MA (સમાજકાર્ય) 15 વર્ષનો અધ્યાપન કાર્યનો અનુભવ તેમજ Ph.D. (NET/SLET ઈચ્છનીય)
2	આસિસ્ટન્ટ પ્રોફેસર (આઠમો પ્રયત્ન)	3	55% સાથે MSW અથવા MA (સમાજકાર્ય/સમાજશાસ્ત્ર / મનોવિજ્ઞાન) ની પદવી તેમજ Ph.D. અથવા NET/SLET. અધ્યાપન કાર્યનો અનુભવ ઈચ્છનીય)
3	ગ્રંથપાલ (આઠમો પ્રયત્ન)	1	55% સાથે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન/દસ્તાવેજી વિજ્ઞાન અથવા સમકક્ષ વિષયમાંમાં અનુસ્નાતકની પદવી તેમજ Ph.D. અથવા NET/SLET.

લાયકાત, પગારધોરણ અને સેવાની શરતો યુ.જી.સી. અધિનિયમ-૨૦૧૮ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના નિયમ મુજબ રહેશે. રસ ધરાવતા ઉમેદવારોએ પોતાના ફોટોગ્રાફ માર્કશીટની પ્રમાણિત નકલો તેમજ વિસ્તૃત બાયોડેટા, સાથે જાહેરાત પ્રસિદ્ધ થયાના **દિન 15** માં ફક્ત રજી.પોસ્ટ/સ્પીડ પોસ્ટથી **'પ્રિન્સીપાલ, બાલહંસ કોલેજ ઓફ સોશ્યલ વર્ક-થવા, મુ- પોસ્ટ થવા, તા. નેત્રંગ, જી-ભરૂચ-૩૯૩૧૩૦'** ને અરજી કરવાની રહેશે.

Note:- Candidate who do not proses NET/SLET /Ph.D. may also apply as Teaching Assistant as per norms of VNSGU. They will be considered for interview in absence of eligible candidate for remaining vacant positions of Assistant professor.

સ્થળ- થવા
તા.: 11-06-2026

મંત્રીશ્રી
ગ્રામ નિર્માણ કેળવણી મંડળ, થવા

વેચાણ તથા ટાઈટલ ક્લીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ તાલુકોઃ મહુવાના **મોજેઃ હુંઢેસાના** જુના સ.નં. ૯, **નવો બ્લોક/સર્વે નં.: ૧૧** જેનું કુલ ક્ષેત્રફળઃ હે.આરે.ચોમી. ૨–૫૩–૦૦, ખાતા નંબરઃ ૩૦૫, આકાર રૂા. ૨૦.૮૦ પૈસા તથા જુના સ.નં. ૧૧,૧૦/૫,૨/૯,૧, **નવો બ્લોક/સર્વે નં.: ૧૨** જેનું કુલ ક્ષેત્રફળઃ હે.આરે.ચોમી. ૧–૨૭–૦૦, ખાતા નંબરઃ ૩૮૫, આકાર રૂા. ૬.૨૦ પૈસા જુની શરતની ખેતીની જમીનના માલીક તથા કબજેદાર **(૧) નવીનભાઈ છગનભાઈ પટેલ (૨) નયનાબેન નવીનભાઈ પટેલ (૩) હિરેનભાઈ નવીનભાઈ પટેલ તથા (૪) દિવ્યેશભાઈ નવીનભાઈ પટેલ** નાઓ ચાલી આવેલ તેમજ સદરહુ મિલકત ચોખ્ખા તથા મોર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી શાંત, ખાલી પ્રત્યક્ષ કબજા સહિત તમામ હકકો સાથે અમોના અસીલને વેચાણ આપવા માંગે છે. સબબ સદરહુ મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે અધિકાર કે બેંક યા નાણાકીય સંસ્થા યા સંસ્થાનું લિયન, બાનું, ચીઠ્ઠી કે કોઈપણ પ્રકારનું લખાણ વિગેરે હોય તો જરૂરી દસ્તાવેજી પુરાવા સાથે આ નોટીસ પ્રસિધ્ધ થયાના દિન–૭(સાત) માં નીચે જણાવેલ સરનામે અમારો રૂબરૂ સંપર્ક કરી લેખીત વાંધો રજૂ કરવો. નોટીસની મુદત વિત્યે કોઈપણ જાતનો વાંધો હરકત નથી તેમજ કોઈપણ વ્યકિત, સંસ્થા કે ઈસમ કબજા હકકનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, રાઈટ યા ટાઈટલ ઈન્ટ્રેસ્ટ નથી, અને જો હોય તો તે જતા કર્યા છે યાને વેવ કરેલ છે, તેમ માની અમારા અસીલ રજી. દસ્તાવેજો કરી–કરાવી લેનાર છે. ત્યારબાદ કોઈપણ પ્રકારની તર–તકરાર, દર–દાવો, ફરીયાદ કે કબજા હકક ગ્રાહય રહેશે નહી. તેમજ અમારા અસીલની કોઈપણ જવાબદારી રહેશે નહી જેની લાગતા વળગતાએ ખાસ નોંધ લેવી.

તા. ૧૧–૦૬–૨૦૨૬

૩૧–૩૨, નિલકંઠ સોસાયટી,
જી.પી. પાર્કની બાજુમાં, ઓલીવ સર્કલની
પાસે, ઉધના મગદલ્લા રોડ, સુરત.
મો. ૯૯૭૪૨ ૪૦૦૦૪

સોહાંગીની કે. ચાંગાવાલા
તે ખરીદનારના એડવોકેટ

ટાઈટલ ક્લીયરન્સ રીપોર્ટ બાબત જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, ચોર્યાસી સબ ડિસ્ટ્રીકટ, શહેર સુરતનાં મહાનગર પાલીકાની હદમાં સમાવિષ્ટ **મોજે ગામ : સિંગણપોર**ના સર્વે નં.૧૦૬ વાળી જમીન મીલકત જેને ટી.પી.સ્કીમ નંબર : ૨૬ (સિંગણપોર) લાગુ પડતા ફાઈનલ પ્લોટ નંબર : ૪૫ આપવામાં આવેલ છે. જે ફાઈનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ ૪૦૩૦.૦૦ ચો.મી. વાળી બીનખેતીની જમીનમાં આયોજન કરવામાં આવેલ **અખંડ આનંદ કો–ઓ. હાઉસીંગ સોસાયટી લિ.''** (નોંધણી ક્રમાંક : ધ/૧૯૨૯૮ તા. ૧૮/૦૩/૨૦૦૦ થી નોંધાયેલ છે) જેમા આવેલ પ્લોટો પૈકી **પ્લોટ નં.૧૨ જેનું ક્ષેત્રફળ સુમારે ૧૯.૮×૪૦ ચો.ફુટ યાને ૭૩.૦૨ ચો.મી.** પ્લોટવાળી મિલકતના એકલા સ્વતંત્ર, સંપૂર્ણ, માલિક, કબજેદાર **બાબુભાઈ ઉકાભાઈ ચૌહાણ** છે. સદરહુ મિલકત તેઓએ **ઉમેશ રાધવભાઈ તરસરીયા અને કલ્પેશ રાધવભાઈ તરસરીયા**ને વેચાણ આપવાનું નકકી કરેલ અને તે અંગેનો સાટાખત કરી આપેલ છે . મિલકત ખરીદનારાઓ સદર મિલકત ઉપર અમારા અસીલ બેંક પાસેથી ધિરાણ મેળવવા માંગે છે આથી અમો કનેથી ટાઈટલ કલીયરન્સ રીપોર્ટની માંગણી કરેલ છે. **બાબુભાઈ ઉકાભાઈ ચૌહાણ**ના જણાવ્યા મુજબ તેઓ અથવા તેઓના અગ્રહકકધારીઓથી નીચે જણાવેલ વિગતના અસલ વેચાણ દસ્તાવેજની રજી. ફી ભર્યાની રસીદ ગુમ યાને ગેરવલ્લે થઈ ગયેલ છે અને ઘણી શોધખોળ કરવા છતાં મળી આવેલ નથી. આથી સદરહુ મિલકત બાબતે યા સદર રજી. વેચાણ દસ્તાવેજની અસલ રજી. ફી ભર્યાની રસીદ બાબતે કોઈનો કોઈપણ જાતનો હકક હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, તરતકરાર હોય તો તે અંગેના લેખિત પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન–૭** માં નીચે જણાવેલ ઠેકાણે રજુ કરવા, જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ જાતના હકકો નથી અને હોય તો તે જતા કર્યા છે તેવું ગણીને સદરહુ જમીન અંગે ટાઈટલ કલીયરન્સ રીપોર્ટ આપી દેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ તર–તકરાર ચાલશે નહી, અને અમારા અસીલ બેંકનો પ્રથમ ચાર્જ રહેશે, જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

ગુમ થયેલ અસલ દસ્તાવેજોની વિગત.

૧) વેચાણ દસ્તાવેજ રજી. નં.૨૩૮૫ તા. ૨૮.૦૨.૨૦૦૫ ના રોજ નોંધાયેલની અસલ રજી. ફી ભર્યાની રસીદ.

તા. : ૧૧/૦૬/૨૦૨૬

રીકી એ. વર્મા
એડવોકેટ.
ઓફીસ :૪૧૪–૪૧૫, રાજહંસ એનેટ, જાની ફરસાણ પાસે, પાર્લે પોઈન્ટ, સુરત, ગુજરાત–૩૯૫૦૦૭ મો. ૭૦૪૩૨૪૬૬૪૭.

ધી ઉધના ઉધોગનગર સહકારી સંઘ લી; ઉધના તબદીલી માટે આવેલ અરજી અનુસંધાને જાહેર નોટીસ

આથી હર કોઈને જાણ કરવાની કે, શહેર સુરતના કોર્પોરેશન વિસ્તારમાં સમાવિષ્ટ મુળ મોજે બ્લોક/સર્વે નં. ૧૪૦ થી ૧૫૦+૧૬૬ પૈકી પ્લોટ નં. બી-ઇન-૨૫૧ વાળી જમીન ઉપર બાંધવામાં આવેલ કંકશન એસ્ટેટના ફેઝ-એચ શેડ નં.-૧૧૪ વાળી મિલકત કે જેમાં તળના પટેની જમીનનું ક્ષેત્રફળ સુમારે ૧૩૩.૫૦ ચો.મીટર એટલે કે ૧૬૦ સ.ચો.વાર માપવિસ્તાર વાળી જમીન અમલા સહિતની મિલકતના સુપર સ્ટ્રકચર યાને અમલાનો માલિકી હકક તથા તળની જમીન ભાડુઆત હકકે ધારણ કરવાના હકકે હિત સહિતની મિલકતના સંઘના રેકર્ડ મુજબના ધારણકર્તા હોરમાઝદિયાર બહાદુર પટેલ રહેવાસીઃ નવી વસાહત રોડ નં.૬ ઉધના સુરતના પાસેથી સંઘના નિતી-નિયમોને આધિન સર્વશ્રી પ્રોચીબેન હોરમાઝદિયાર બહાદુર પટેલ, બુરઝીન હોરમાઝદિયાર પટેલ તથા કૈઝીન બુઝિન પરભિયા તે હોરમાઝદિયાર પટેલની પુત્રીને તબદીલી/વારસાઈથી મેળવેલ હોવાનું જણાવી અરજી અને જરૂરી પેઢીનામું રજુ કરી સંઘના રેકર્ડ પર નામ ટ્રાન્સફર માટે આપેલ છે. મજકુર અરજીના અનુસંધાને વારસાઈથી ઉપરોકત વ્યકિતનું નામ સંઘના રેકર્ડ પર દાખલ કરી રેકર્ડ દુરસ્તી કરવામાં કોઈ વ્યકિત, બેંક યા સંસ્થાનો વાંધો યા કોઈપણ જાતનો લાગ, ભાગ, હકક-હિત યા હિસ્સો યા અન્ય કોઈપણ પ્રકારનો હકક હોય તથા આ તબદીલીની નોંધ સામે કોઈ વાંધો હોય તો તેણે પોતાનો દર-દાવો યા વાંધો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં લેખિતમાં વિગતવાર આધાર પુરાવા સહિત સંઘમાં પહોચાડવો. જો ઉપરોકત મુદતમાં ઉપર મુજબ કોઈ વાંધો નહી આવે તો મુદત વીત્યે મજકુર અરજી અનુસંધાને તબદીલીની નોંધ સામે કોઈ વ્યકિત, બેંક યા સંસ્થાને વાંધો ત્યાં તકરાર નથી અને હોય તો તે જતાં કરેલ છે, એમ માની મજકુર અરજી મુજબ નામો દાખલ કરી રેકર્ડ દુરસ્તી કરવામાં આવશે અને પાછળથી કોઈની કોઈ તર-તકરાર ચાલશે નહી, જેની લાગતા-વળગતાએ નોંધ લેવી.

જનરલ મેનેજર
ધી ઉ. ઉ. સ. સંઘ લી., ઉધના.

ધી ઉધના ઉધોગનગર સહકારી સંઘ લી; ઉધના તબદીલી માટે આવેલ અરજી અનુસંધાને જાહેર નોટીસ

આથી હર કોઈને જાણ કરવાની કે શહેર સુરતના કોર્પોરેશન વિસ્તારમાં ધી ઉધના ઉધોગનગર સહકારી સંઘ લી. ના વહીવટ હેઠળ ચાલી આવેલ મિલકત યાને બ્લોક/સર્વે નં. ૧૪૦ થી ૧૫૦+૧૬૬ પૈકી પ્લોટ નં. એ/૨૬/૩ અને ૪ પૈકી પૂર્વ દિશા તરફની અડધા હિસ્સા થી નોંધાયેલ જમીન અમલા સહિતની મિલકતમાં સંઘના રેકર્ડ મુજબના ધારણકર્તા શ્રી બીમલચંદ શ્રીચંદ જૈન રહેવાસીઃ રોડ નં.-મહાત્મા ગાંધી રોડ નં.૬ ઉધોગનગર ઉધનામાં ચાલી આવેલ છે. મજકુર મિલકત શ્રી જીતેન્દ્ર વસંતરાય વસંતને વેચાણથી પ્રાપ્ત થયેલ હોવાનું જણાવી નામ ટ્રાન્સફર કરવા સંઘમાં અરજી કરેલ છે. મજકુર અરજીના અનુસંધાને વેચાણથી ઉપરોકત જણાવેલ વ્યકિતનું નામ સંઘના રેકર્ડ પર દાખલ કરી રેકર્ડ દુરસ્તી કરવામાં કોઈ વ્યકિત, બેંક યા સંસ્થાનો કોઈપણ જાતનો લાગ, ભાગ હકકહિત યા હિસ્સો અન્ય કોઈપણ પ્રકારનો હકક હોય તથા આ વેચાણની નોંધ સામે કોઈ વાંધો હોય તો તેણે પોતાનો દર-દાવો યા વાંધો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં લેખિતમાં વિગતવાર આધાર પુરાવા સહિત સંઘમાં પહોચાડવો. જો ઉપરોકત મુદતમાં ઉપર મુજબ કોઈ વાંધો નહી આવે તો મુદત વીત્યે મજકુર અરજી અનુસંધાને વેચાણની નોંધ સામે કોઈ વ્યકિત, બેંક યા સંસ્થાને વાંધો યા તકરાર નથી અને હોય તો તે જતાં કરેલ છે, એમ માની મજકુર અરજી મુજબ નામો દાખલ કરી રેકર્ડ દુરસ્તી કરવામાં આવશે અને પાછળથી કોઈની કોઈ તર-તકરાર ચાલશે નહી, જેની લાગતા-વળગતાએ નોંધ લેવી.

જનરલ મેનેજર
ધી ઉ. ઉ. સ. સંઘ લી., ઉધના.

ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ પુર્વેની જાહેર નોટીસ

સુરત જીલ્લાના, મજુરા તાલુકાના, મોજે ગામ વેસુ ના રી.સર્વે નં. ૨૧૯, જુના સર્વે નં. ૩૧૦/૨ + ૩૧૦/૪ થી નોંધાયેલી જમીન કે જેનુ ૭/૧૨ મુજબનુ કુલ ક્ષેત્રફળ ૨૯૪૦૦ ચો.મી., આકાર રૂ. ૫૧-૦૦ પૈસા છે તે જમીન પૈકી ટી.પી.સ્કીમ નં. ૨ (વેસુ-ભરથાણા-વેસુ)માં સમાવિષ્ટ ૯૪૦૦ ચો.મી. ક્ષેત્રફળ વાળી જમીન કે જેને ફાઇનલ ટી.પી.સ્કીમ નં.-૨ હેઠળ ઓ.પી.નં. ૯૧, ક્ષે. ૯૪૦૦ ચો.મી. તથા ફાઇનલ પ્લોટ નં. ૧૫૪, ક્ષેત્રફળ ૬૮૦૦ ચો.મી. ફાળવેલ છે તે જમીન, ૧.નિલેષભાઈ વલ્લભભાઈ, ૨.વલ્લભભાઈ બાલુભાઇ, ૩.પ્રવિણભાઈ વલ્લભભાઈ, ૪.નવિનભાઇ જયંતીભાઈ, ૫.કિરણબેન સુરેશભાઈ પટેલ, ૬.પ્રજીત સુરેશભાઈ પટેલ તથા ૭. નીનાદ સુરેશભાઈ પટેલની સયુક્ત માલીકી કબજા ભોગવટા હેઠળની તેમજ તમામ પ્રકારના બોજાઓથી મુક્ત હોવાની રજુઆત કરીને સદર જમીનના ઉપરોકત માલીકોએ અમો પાસેથી ટાઇટલ ક્લિયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદરહુ જમીનમાં જો કોઇ શખ્શ કે પેઢી કે સંસ્થાનો કોઇપણ પ્રકારનો હક્ક હીત, હિસ્સો, દરદાવો, બોજો, લેણું, લોન, લાગભાગ, કબજો વિગેરે હોય, તો તેની પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમોને લેખીતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો સદર જમીનમાં કોઇના કોઇપણ પ્રકારના હક્ક, હીત, હીસ્સો, દરદાવો, બોજો, લેણું, લોન, લાગ ભાગ, કબજો વિગેરે નથી અને હોય તો તે જતા કર્યા છે તેમ સમજી મુદ્દત વિત્યેથી અમો સદર જમીનના ઉપરોકત માલીકોને ટાઇટલ ક્લિયરન્સ સર્ટીફીકેટ ઇશ્યુ કરવાની કાર્યવાહી કરીશુ અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર, દરદાવો યા વાંધા ચાલશે નહી જેની નોંધ લેવી.

તા. ૧૧/૦૬/૨૦૨૬

આર. વી. કોરાટ (એડવોકેટ એન્ડ નોટરી)
ઓફીસઃ ૨૦૧, રોમન પોઇન્ટ, હિરાબાગ, વરાછા રોડ, સુરત. મો.નં. ૯૪૨૬૧-૦૫૦૫૭

જાહેર નોટીસ

જત અમારા અસીલ તરફે મળેલ સુચના અને ફરમાઈશ અન્વયે લાગતા વળગતા તમામને જણાવવાનું કે,

ગામ/તાલુકો/જિલ્લો	બ્લોક નંબર	ક્ષેત્રફળ
એરથાણ /પલસાણા/ સુરત	૧૩૧	૧-૪૦-૬૩

ઉપરોકત મિલકત **વર્ષાબેન ગુલાબભાઈ, શીતલબેન ગુલાબભાઈ, ગુલાબભાઈ ભીખાભાઈ** ના નામે ચાલે છે. તેમણે સદરહુ મિલકત પોતાની કુલ માલીકી તેમજ પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવી ટુંક સમયમાં વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ મિલકતના કાયદેસરના પાકા લખાણો તથા પાકો રિજ. વેચાણ દસ્તાવેજ કરતા પહેલા આ જાહેર નોટીસ થકી સદરહુ મિલકતના કોઈપણ હકક- હિત- હિસ્સો ધરાવનાર વ્યકિતઓ યા સંસ્થાના કોઈપણ પ્રકારનાં લાગ-ભાગ, હકક-હિત-હિસ્સા, વંશ, વાલી, વારસોના સંબંધ, સંસ્થા તેમજ કોઈનો કોઈપણ જાતનો ચાર્જ, બોજો, લીયન યા કોઈ પણ દર-દાવો હોય તો તે અંગેના લેખિત તેમજ દસ્તાવેજી પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં નીચે જણાવેલ સરનામે રજુ કરી ખાતરી કરાવવી. અન્યથા જો તેમ કરવામાં કસુર કરશો તો સદરહુ મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક-હિત-હિસ્સો તેમજ કોઈનો કોઈપણ જાતનો ચાર્જ, બોજો, લીયન યા કોઈ પણ દર-દાવો નથી કે સબંધ નથી તેમ ગણી, અગર હોય તો વેવ કરેલ છે યાને છોડી દીધેલ છે તેમ ગણી કાયદેસરનો પાકો રજિ. વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવશે અને ત્યારબાદ તેમાં કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહિ અને કરવા-કરાવવામાં આવશે તો રદબાતલ ગણવાની રહેશે અને થશે તેની સર્વેએ નોંધ લેવી.

ધર્મેશ ટી. કંથારીયા - એડવોકેટ
૧૧૯, પહેલો માળ, રાજ કોમ્પ્લેક્ષ, મુ.પો. ચલથાણ, તા.પલસાણા, જિ.સુરત મો.નં. 98258 70753

જાહેર ચેતવણી

આથી જાહેર જનતાને આ જાહેર ચેતવણી કમ નોટીસ થકી જણાવવાનું કે અમારા અસીલ શ્રી નરેશભાઈ ગોપાળભાઈ પરમાર, રહે.મુ.પો.ગાંગપુર, તાલુકા.પલસાણા, જી.સુરતના તરફથી મળેલ ખાસ સુચના અને ફરમાઈશથી આ જાહેર ચેતવણી થકી જાહેર કરીએ છીએ કે, મોજે.કાછલ, તાલુકા. મહુવા, જી.સુરતની સીમમાં આવેલ ખાતા નંબર.૩૦, તથા સ.નં.૧૧૦/૧, જેનો બ્લોકનં.૧૩૮, આકાર રૂા.૨.૨૫ પૈસા જેનું ક્ષેત્રફળ હે.આરે.૦–૪૨–૮૧ ચો.મી.વાળી જુની શરતની ખેતીની જમીન અમારા અસીલે સદર જમીનના માલીકો (૧) ડાહ્યાભાઈ મોરારભાઈ રાઠોડ (૨) ઈશ્વરભાઈ મોરારભાઈ રાઠોડ, (૩) અમૃતભાઈ હાંસજીભાઈ રાઠોડ, (૪) કાંતિલાલ હાંસજીભાઈ રાઠોડ, તથા (૫) વલ્લભભાઈ હાંસજીભાઈ રાઠોડ, વિગેરેનાઓ પાસેથી વેચાણ રાખેલી છે. જે અંગેનો વેચાણ કબજા રસીદનો લેખ એડવોકેટ એન્ડ નોટરી શ્રી એમ.એલ.પટેલ, સુરતની રૂબરૂમાં રજીસ્ટ્રેશન સીરીયલનં.૧૨૯૮/૨૦૦૭થી તારીખ. ૨૭/૧૦/૨૦૦૭ના રોજ જમીનના મુળ માલીકોએ હમારા અસીલને નોટરી કરી આપેલ છે. તથા સદર જમીનનો વેચાણ અવેજ પણ જે તે સમયે મુળ માલીકોને ચુકવી આપેલ છે. જેથી ઉપરોકત જમીન અંગે અમારા અસીલને એમ જાણવા મળેલ છે કે સદર જમીનને અન્ય કોઈ ઈસમોને વેચાણ કરવા દલાલો તથા માલીકો પેરવી કરી રહ્યા છે. જેથી સદર જમીન અન્ય કોઈ વ્યકિત કે સસ્થા વિગેરેએ ખરીદી કરવાનો કે તે અંગેના કોઈ નાંણાકીય વ્યવહાર કે કોઈપણ જાતના કરારો કે લખાણો કરવા નહી. જેથી આ નોટીસ થકી તારીખ.૨૭/૧૦/૨૦૦૭ પહેલા કે તે બાદ કોઈપણ જાતના લખાણો નીકળી આવે તો તે સદર નોટીસથી રદબાતલ ગણવા અને આવા કોઈપણ લખાણો અમારા અસીલની જાણમાં નથી. જો કોઈ વ્યકિત યા સંસ્થાએ કોઈ ખોટા કોકયુમેન્ટસ બનાવેલ હોય કે અન્ય કોઈ ફોર્જરી કરેલ હોવાનું અમોની જાણમાં આવશે કે આવા કોઈ ખોટા કોકયુમેન્ટસ નીકળી આવશે તો તે વ્યકિત કે સંસ્થા વિગેરે વિરૂધ્ધ કાયદેસરની ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે તથા ઉપરોકત જમીનો અંગે કોઈપણ જાતના વ્યવહારો કર્યા હશે અથવા કોઈ કરારો કર્યા હશે તો તેને કોર્ટ-કચેરી સિવાય કાઈ હાસીલ થશે નહી. જેની આથી જાહેર જનતાએ ગંભીર અને સ્પષ્ટ નોંધ લેવી. તા.૧૧/૦૬/૨૦૨૬

મારી મારફત - **વિરલસિંહ બી. પરમાર** તે અસીલના એડવોકેટશ્રી
ઓફિસઃ બી/૪, સાંઈ લીલા કોમ્પલેક્ષ, આશાપુરા મેડીકલ સ્ટોર્સની ઉપર, સુગર ફેક્ટરી સામે, ચલથાણ રોડ, મુ.પો. ચલથાણ, તા. પલસાણા, જી. સુરત મો. નં. ૯૬૮૭૫ ૩૫૧૯૦

જિ.સુરત, હાલ તા.મજુરા, મોજે મજુરા ગામના સીટી સર્વે વોર્ડ : મજુરાના, સીટી સર્વે નં.૨૮૫/અ/૨ ની વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડિસ્ટ્રીકટ, હાલ મજુરા સબ–ડિસ્ટ્રીકટ, **મોજે ગામ મજુરા** ના રે.સ.નં.૧ ૩૨/૧ પૈકી પ્લોટ નં.૨૪, જેનો સીટી સર્વે નં.૨૮૫ છે. જેનો ટી.પી.સ્કીમ નં.૯(મજુરા)માં સમાવેશ થતાં એફ.પી. નં.૧૦૧ ફાળવવામાં આવેલ. જેનું ઓ.પી. મુજબનું ક્ષેત્રફળ ૧૪૪ ચો.મી. તથા ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૧૨૬ ચો.મી. છે જે હાલ **''ઉમરાવ નગર''** ના નામથી ઓળખાય છે. જેને સીટી સર્વે લાગુ થતાં સીટી સર્વે ઓફિસ સુરત–૨, **સીટી સર્વે વોર્ડ : મજુરાના, સીટી સર્વે નં. ૨૮૫/અ/૨** થી સુમારે ક્ષેત્રફળ **૬૩.૩૬૨૫ ચો.મી.** ફાળવવામાં આવેલ છે તે જમીન ઉપર આવેલ ગ્રાઉન્ડ + પહેલા માળના **કાર્પેટ એરીયા મુજબ ૬૯.૦૨ ચો.મી. તથા બિલ્ટઅપ એરીયા મુજબ ૮૨.૮૨૪ ચો.મી.** ક્ષેત્રફળનું કુલ્લે બાંધકામ ચાલી આવેલ છે તે વાળી મિલકતના **પ્રીતિ તે વિજયકુમાર મગનલાલ શાહની પત્ની** નાઓ એકલાં, સ્વતંત્ર માલિક, મુખત્યાર અને પ્રત્યક્ષ કબજેદાર ચાલી આવેલા હોવાનું જણાવી તેમજ સદરહુ મિલકત માર્કેટેબલ ટાઈટલ તથા કોઈપણ પ્રકારના દાવાઓ તથા બોજાઓ વગરની હોવાનું જણાવી તેઓએ સદરહુ મિલકત મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે તેમજ મારા અસીલ સદરહુ મિલકત ખરીદ કરવા ઈરાદો ધરાવે છે. જેથી સદરહુ મિલકતમાં અન્ય કોઈપણ વ્યકિત, સંસ્થા કે બેંક કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત–હિસ્સો, અલાખો, અધિકાર, લીસપેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી–પોષાકી, જામીનગીરી, ચાર્જ–બોજો, દાવો–ફરીયાદ, ગીરો, બાનાખત, વારસાઈ વિગેરે હોઈ તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન–૭ માં હમોને પુરાવા સહિત લેખિતમાં નીચે જણાવેલ સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદ્દત વિત્યે સદરહુ મિલકતમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત–હિસ્સો, અલાખો, અધિકાર, લીસપેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી–પોષાકી, જામીનગીરી, ચાર્જ–બોજો, દાવો–ફરીયાદ, ગીરો, બાનાખત, વારસાઈ વિગેરે નથી અને હોય તો તે જતો કર્યો યાને છોડી દીધેલ યાને વેવ કરી દીધેલો છે, તેમ માની અમારા અસીલ સદરહુ મિલકતનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. જેની લાગતા વળગતા તથા જાહેર જનતા તમામે નોંધ લેવી.

(તા.૧૧/૦૬/૨૦૨૬)
ઠે.૫૬–૫૭, એ–વિંગ, રીવર પેલેસ,
બહુમાળી બિલ્ડીંગ પાસે, નાવડી ઓવારાની
બાજુમાં, નાનપુરા, સુરત – ૩૯૫૦૦૧

દિપક એ. પાટીલ
જનક એચ. ટાલિયા
તે ખરીદનારના એડવોકેટસ

મિલકતનાં ટાઈટલ ક્લીયરન્સ તથા ગુમ થયેલ દસ્તાવેજ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, નીચે જણાવેલ મીલકતના માલીકો **પ્રિયાબેન સતીષકુમાર સુતરીયા અને મે. અથોસ કોલાજન પ્રા. લી.** નાઓએ પોતાની સ્વંતત્ર માલીકી તથા પ્રત્યક્ષ કબજા ભોગવટા હેઠળ ચાલી આવેલ હોવાનું જણાવી અમારી અસીલ બેંક પાસેથી લોન મેળવવાના હેતુસર અમારી પાસેથી ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ અને અમારી પાસેથી ટાઈટલ કલીયરન્સ રીપોર્ટ લીધા બાદ જાણમાં આવેલ છે કે, નીચે જણાવેલ ઓરીજીનલ રજીસ્ટ્રેશન પાવતી ગુમ યાને ગેરવલ્લે થઈ ગયેલ છે તે સંજોગોમાં સદર મિલકત બાબત સદર ઓરીજીનલ ડોકયુમેન્ટસ કોઈપણ બેંક યા નાણાંકીય સંસ્થા યા કોઈપણ વ્યકિત પાસે કોઈપણ કારણસર હોય યા સદરહુ મિલકત પર કોઈપણ પ્રકારના ચાર્જ યા બોજો કે લીયનના કે અન્ય કોઈપણ પ્રકારના હકકો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તેમના વાંધા અંગેના લેખિત દસ્તાવેજી પુરાવાઓ સહિત હમોને નીચેના સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો સદરહું મિલકતમાં હિત ધરાવનારાઓએ સદરહુ મિલકત પરત્વેના તેમના તમામ હકક અધિકાર જતા કરેલા હોવાનું માની અમો યોગ્ય નિર્ણય લઈશું અને મુદત વિત્યે કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર ચાલશે નહી તેની તમામે નોંધ લેવી.

મીલકતનું વર્ણન : સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ સુરત સીટીના શહેર સુરતના મોજે જહાંગીરાબાદના રે.સ.નં. ૧૯૦/૨ તથા ૧૯૧/૧, બ્લોક નં. ૧૪૪, ટી.પી.સ્કીમ નં. ૪૨(જહાંગીરાબાદ), ફા.પ્લોટ નં. ૩૫ પૈકીથી નોંધાયેલી ૩૪૩૪૫ ચો.મી. જમીન પૈકી સબ-ડીવીઝન નં. સી વાળી કુલ ૭૫૨૫.૧૫ ચો. મી. જમીન પૈકી સબ-પ્લોટ નં. ૧ વાળી કુલ ૧૯૨૦ ચો.મી. જમીનમાં **બ્લુ એમીનન્સ** નું આયોજન કરવામાં આવેલ છે. તેમાં આવેલ દુકાનો પૈકી **ત્રીજામાળ** પર આવેલ **દુકાન નં. ૩૧૯** વાળી મિલકત જેનું સુપર બિલ્ટઅપ એરીયા પ્રમાણે ક્ષેત્રફળ ૪૭૨ ચો.ફુટ તથા બિલ્ટઅપ એરીયા પ્રમાણે ક્ષેત્રફળ ૨૩.૫૦ ચો.મી. તથા કારપેટ એરીયા પ્રમાણે ક્ષેત્રફળ ૨૩૬ ચો.ફુટ થાય છે. તે મિલકત તેની તળની જમીનમાંના બાંધકામના એરીયાના પ્રમાણમાં પ્રમાણસરના વણવહેંચાયેલા હિસ્સાની ૧૨.૪૮ ચો.મી. જમીન સહિત તેને લાગતા વળગતા અંદરના તથા બહારના હક્ક, હિત, હિસ્સા સહિત દરોબસ્ત. **માલિક : પ્રિયાબેન સતીષકુમાર સુતરીયા**

ખોવાયેલ ડોકયુમેન્ટ : ઓરીજીનલ વેચાણ દસ્તાવેજ નં. ૨૮૯૫૬ તા.૨૫/૧૦/૨૦૨૧ ની ઓરીજીનલ રજીસ્ટ્રેશન પાવતી. ઓરીજીનલ વેચાણ દસ્તાવેજ નં. ૩૦૮૦૮ તા.૧૨/૧૧/૨૦૨૧ ની ઓરીજીનલ રજીસ્ટ્રેશન પાવતી. ઓરીજીનલ વેચાણ દસ્તાવેજ નં. ૨૬૯૮